# Jainism - In My Eye

કોઈ પણ ધર્મ માટે જ્યારે તે ધર્મનો અનુયાયી અભિપ્રાય આપે ત્યારે તે અભિપ્રાય પક્ષપાતપૂર્ણ હોઈ શકે છે. પણ જ્યારે તે અભિપ્રાય આપનાર વ્યક્તિ તે ધર્મ સાથે બાય બર્થ - જન્મથી સંકળાયેલ ન હોય, અને તે વ્યક્તિ સ્વયં વિદ્વાન અને અભ્યાસી હોય, ત્યારે તે અભિપ્રાયની પ્રામાણિકતા વિશ્વસનીય બની જાય છે. અહીં પ્રસ્તુત છે આપણી મૂળભૂત સંસ્કૃતિના એક અત્યંત આદરણીય ધર્મ માટે દેશ-વિદેશના તત્ત્વદર્શીઓના અભિપ્રાય દ્ર

✳ **Jainism** has contributed to the world the sublime doctriue of Ahinsa. No other religion has emphasised the importance of Ahinsa and carried its practise to the extent that Jainism has done. **Jainism deserves to become the universal religion because of its Ahinsa doctrine.**

- **Dr. Rajendra Prasad** (President, Republic of India)

'**જૈન ધર્મે** દુનિયાને ઊર્ધ્વગામી અહિંસાના તત્ત્વજ્ઞાનની ભેટ આપી છે. બીજા કોઈપણ ધર્મએ અહિંસાને જૈનધર્મ જેટલું મહત્ત્વ આચાર કે વિચારમાં આપ્યું નથી. **જૈન ધર્મ એના અહિંસાના તત્ત્વજ્ઞાનને કારણે વિશ્વધર્મ બનવાને યોગ્ય છે.'** **- ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ.**

✳ **Lord Mahavira** proclaimed in India that religion is a reality and not a mere social convention. It is really truth.

- **Dr. Rabindranath Tagore**

'ભારતમાં **ભગવાન મહાવીરે** ઉદ્‌ઘોષણા કરી હતી કે ધર્મ માત્ર સામાજિક વ્યવસ્થા નથી વાસ્તવિક સત્ય છે.' **- ડૉ. રવીન્દ્રનાથ ટાગોર**

✳ ''સજ્જનો ! આપ જાણો છો કે હું માત્ર વૈષ્ણવ સંપ્રદાયનો આચાર્ય જ નથી પણ આ સંપ્રદાયનો બધી જ રીતે રક્ષણ કરનાર પણ છું, અને તે સંપ્રદાય તરફ કટાક્ષ કરવાવાળાને ઠીકઠાક કરવાવાળો પણ છું. આમ છતાંય



આ જાહેર સભામાં સત્યની ખાતર મારે એ આવશ્યક રીતે કહેવું પડે છે કે **જૈનોનો** ગ્રંથ સમુદાય સારસ્વત મહાસાગર છે.''

**- સ્વામી રામમિશ્ર શાસ્ત્રી (કાશી)**

✳ "Yes ! His religion (**the Jaina's**) is the only true one upon earth, primitive faith of all mankind."

- **Rev. A. J. Dubois**

'હા **! જૈનધર્મ** એ જ વિશ્વનો સત્ય ધર્મ છે. માનવ જાતનો સૌથી પ્રથમ ધર્મ જૈનધર્મ જ છે.'

**- રેવરન્ટ એ. જે. ડુબોઈસ.**

✳ In **Jainism** I find a solution to the here to unsolved problem of existence. I find plain answers to difficult question which cannot be truthfully refuted, and which sink in to and satisfy every corner of the brain, which if attacked by a searching criticism show up only still brilliantly.

- **H. Warren, London**.

'**જૈન ધર્મમાંથી** અત્યાર સુધી અણઉકેલાયેલા અસ્તિત્વના પ્રશ્નોનું મને સમાધાન મળ્યું છે કઠિન પ્રશ્નોના સાદા સમાધાનો એવા છે કે જેનું સાચી રીતે ખંડન કોઈ ન કરી શકે.આ સમાધાનો મગજમાં સુંદર રીતે બેસી જાય છે. આમ છતાંયે તેનું ખંડન કરવામાં આવે તો તેમના સમાધાનોનું અત્યંત ઉજ્જ્વલ સ્વરૂપ બહાર આવે છે.' - એચ. વોરન, લંડન.

✳ "....the **Jains** are a verriable oasis in the desert of human strife and worldly ambition. **It were a better world indeed if the world were Jain.**"

- **Dr. MAURICE BLOOMFIELD.**

Johns Hopkins University, Baltimore (USA)

'ભૌતિક વાસના અને માનવીય યાતનાઓના આ રણમેદાનમાં **જૈનો** શાંત

પાણીના ઝરા જેવા છે. **જો આખું વિશ્વ જૈન હોત તો ખરેખર વિશ્વ ઘણું જ સુંદર હોત.'** - **ડો. મોરાઈસ બ્લુમફીલ્ડ,**

જોહન્સ હોપકીન્સ યુનીવર્સિટી, બાલ્ટીમોર (યુ.એસ.એ.)

✳ "I personally believe that if only **Jainsim** had kept its hold firmly in India, we would perhaps have had a more united India Dvs certainly a greater India than today."

- **Sri R.K. Shanmukham Chetty**, Minister of the Central Cabinet, Govt. of India

'મારી એ વ્યક્તિગત માન્યતા છે કે જો ભારતવર્ષમાં **જૈનધર્મ**ની મજબૂત પક્કડ રહી હોત તો આજે ભારતવર્ષમાં ઘણી એકતા હોત અને એ પણ નિશ્ચિત છે કે આજે છે તેના કરતાં પણ મોટું ભારત બન્યું હોત.'

- **શ્રી આર.કે. ષણ્મુખમ્ ચેટ્ટી**
(મધ્યસ્થ સરકારના પ્રધાન)

✳ ''જ્યાં સુધી ભારતવર્ષમાં **જૈનધર્મ**ની પ્રધાનતા હતી ત્યાં સુધીનો ઈતિહાસ સુવર્ણાક્ષરોમાં લખવા યોગ્ય છે.'' - રેવરેન્ડ જે. સ્ટીવેન્સન.

✳ (Mr. George Bernard Shaw, in the course of his talks with Shri Devidas Gandhi, son of Mahatma Gandhi expressed the view that Jaina Teaching were appealing to him much and that he wished to be reborn in a Jain family. Due to the influence of Jainism, he was always taking pure food free from meat diet and liquour.)

"If There is a rebirth than I wish to be reborn in a Jain Family." - **George Bernard Shaw**.

(જ્યોર્જ બર્નાર્ડ શો - એ મહાત્મા ગાંધીજીના પુત્ર દેવીદાસને કહ્યું હતું કે જૈન ઉપદેશ એમને ખૂબ સ્પર્શે છે અને તેઓ બીજા જન્મમાં જૈન પરિવારમાં જન્મ લેવા ઈચ્છે છે. જૈનીઝમના પ્રભાવથી તેઓ હંમેશા માંસ-દારૂ રહિત શુદ્ધ ભોજન લેતા હતાં.)

''જો પુનર્જન્મ હોય તો હું **જૈન** કુટુંબમાં જન્મ લેવા ઈચ્છું છું.''
- **જ્યોર્જ બર્નાર્ડ શો.**

✳ "The disvocries has to a very large extent supplies corroboration to the written Jain tradition and **they offer tangible and incontroverible proof of the antiquity of the Jain religion and of its early existence**." - Major General Forlong.

'નવા સંશોધનોએ જૈન ધર્મ ગ્રંથોમાં આલેખાયેલી પરંપરાને સંવાદી બનાવી છે. **નવા સંશોધનો જૈન ધર્મ તેમ જ તેની અત્યંત પ્રાચીનતાની સ્પષ્ટ તેમજ નિર્વિવાદ સાબિતીઓ પૂરી પાડે છે.'** **- મેજર જનરલ ફોરલોંગ**

✳ **''જૈનોના ૨૨મા તીર્થંકર નેમિનાથ** ઐતિહાસિક પુરુષ મનાય છે. ભગવદ્ ગીતાના પરિશિષ્ટમાં શ્રીયુત બર્વે સ્વીકાર કરે છે કે નેમિનાથ શ્રીકૃષ્ણના પિત્રાઈ ભાઈ હતા. જ્યારે **જૈનોના ૨૨માં તીર્થંકર નેમિનાથ** શ્રીકૃષ્ણના સમકાલીન હતા તો બાકીના **૨૧ તીર્થંકરો** કેટલા સમય પહેલાંના હોવા જોઈએ એનું અનુમાન વાંચકો પોતે જ કરી લે.'' - **ડો. ફુહરર.**

✳ **''જૈન ધર્મ** માત્ર જૈનોને જ નહીં પણ તેમના સિવાય પાશ્ચાત્ય સંશોધનના પ્રત્યેક વિદ્યાર્થી અને ખાસ કરીને જેઓ પૌર્વાત્ય દેશોના ધર્મોના તુલનાત્મક અભ્યાસમાં રસ ધરાવતા હોય તેમને તરબોળ કરી નાંખે એવો આનંદદાયક વિષય છે.'' - **સી. બી. રાજવાડે.** પ્રોફેસર ઓફ પાલી., બરોડા

✳ "It has accordingly appeared to more that a study of Indian Philosophy is incomplete without a study of **Jainism** contributions to it." - **Dr. Harisatya Battacharya**

'મને એ ખરેખર લાગે છે કે ભારતીય દર્શનશાસ્ત્રનો અભ્યાસ **જૈન દર્શનના** અભ્યાસ વિના અપૂર્ણ છે.' - **ડો. હરિસત્ય ભટ્ટાચાર્ય**

* "The more scientific knowledge advances, the more the **Jain** teaching will be proved." - **Dr. L. P. Tessitori**, Italy

  'જેમ જેમ વિજ્ઞાન પ્રગતિ કરતું જાય છે તેમ તેમ **જૈન** તત્ત્વજ્ઞાન સિદ્ધ થતું જાય છે.' - **ડો. એલ.પી.ટેસ્ટીટોરી**, ઈટાલી

* "The **Jaina** Philosoper as I know is free from dogmatism. Franky realistic and stands in close relation to other realistic school of thought. They have left for the postrieity a full fledged philosopy which is indeed an invaluable heirloom."

  - **Mohd. Abdul Waheed Khan**.

  'મારી જાણ મુજબ **જૈન** તત્ત્વજ્ઞાનીઓ દુરાગ્રહવાદીતાથી હંમેશા મુક્ત હતા. સ્પષ્ટ વાસ્તવિકવાદી હતા, અને બીજા વાસ્તવિકવાદીઓની સાથે સંબંધ જાળવી શકતા હતા. તેઓએ અનુજો (વારસદારો) માટે તત્ત્વજ્ઞાનનો વારસો આપ્યો છે. જે ખરેખર અમૂલ્ય છે.' - **મોહ. અબ્દુલ વહીદ ખાન**

* ''ગુજરાતી ભાષાના લાક્ષણિક સ્વરૂપનો આરંભકાળ (જૈન) આચાર્ય હેમચંદ્ર(સૂરિજી મ.)ના સમયથી (સં.૧૨૨૯) જાણવા મળે છે અને શાંતિસૂરિ નામના એક **જૈન** સાધુએ 'ભરતેશ્વર બાહુબલિરાસ' નામનું એક ધાર્મિક વીરરસ કાવ્ય વિ.સં.૧૨૪૧ જેટલા જુના સમયમાં રચેલું. પ્રાચીન ગુજરાતીથી લઈ અર્વાચીન ગુજરાતી સુધીના જુના **જૈન** કવિઓની કલમો એટલી ચાલી છે કે એમની પરિચયાત્મક યાદીના મોટા ચાર ગ્રંથોના આશરે ૨૦૦૦ થી વધુ (ક્રાઉન ૧૬ પેજી) પૃષ્ઠો છપાયા છે.''

  - **શ્રી કેશવરામ કે. શાસ્ત્રી**, ગુજરાતના પ્રસિદ્ધ ભાષાશાસ્ત્રી

* ''દ્રવ્યના પરમાણુવાદ ઉપર સૌથી શ્રેષ્ઠ અભ્યાસ **જૈન** તત્ત્વજ્ઞાનીઓએ કરેલો હતો. અણુની વ્યાખ્યા **જૈન** મતે બહુ સ્પષ્ટ હતી.''

  - **ડો. યશવંત ગુલાબરાય નાયક**

* ''જ્યારથી મેં બીજાઓએ કરેલું **જૈનધર્મ**નું ખંડન વાંચ્યું ત્યારથી મને વિશ્વાસ થઈ ગયો કે આ (જૈન) સિદ્ધાંતમાં કંઈક એવું છે કે જે બીજાઓ સમજી



નથી શક્યા. અત્યાર સુધી **જૈનધર્મ** વિષે જે કંઈ મેં જાણ્યું છે તેનાથી મારો એ વિશ્વાસ મજબૂત થઈ ગયો છે કે **જૈનધર્મ**ના મૂળ ગ્રંથોને વાંચવાનો એમણે પરિશ્રમ લીધો હોત તો એમને **જૈનધર્મ** સાથે વિરોધ કરવાનો કોઈ પણ મુદ્દો ન મળ્યો હોત. '' - મહામહોપાધ્યાય ગંગાનાથ ઝા. (M.A.D.L.L.)

'પરમાણુની ગહનતા અને વિશ્વની અગાધતા'

* ''અત્યારે અસ્તિત્વ ધરાવતા ધર્મોમાં **જૈનધર્મ** એક એવો ધર્મ છે કે જેમાં અહિંસાનો ક્રમ સંપૂર્ણ છે. બીજા ધર્મમાં પણ ઘણા લાંબા કાળ પછી આ સૂક્ષ્મતર અહિંસા વિદિત થઈ અને આખરે વનસ્પતિ આહારના રૂપમાં બીજે પણ તે દાખલ થઈ હતી. કારણ એ છે કે **જૈનો**ના ધર્મતત્ત્વોએ જે લોકમત જીત્યો હતો તેની અસર સજ્જડ રીતે વધતી જતી હતી.''

  - **એફ.ઓ.શાહરાદેર, પી.એચ.ડી. (બુદ્ધિસ્ટ રીવ્યુ.)**

* "Such is the foundation of **Jaina** religion, and to it's true followers no morality, no religion, his highest than the Precepts of Ahinsa therefore they rightly lotlion to be absolute beliver in Universal Brotherhood of all living being."

  - ALEXANDER GORDEN.

  '**જૈન ધર્મનો** મૂળભૂત સિદ્ધાંત આવો છે અને તેના સાચા અનુયાયી માટે અહિંસા તત્ત્વ સિવાય બીજી કોઈ નીતિ કે ધર્મ મહાન નથી અને તેથી તેઓ વિશ્વના પ્રાણીમાત્રના બંધુત્વ માટે સાચો દાવો કરી શકે છે.'

  - **એલેકઝાંડર ગોરડન**

* **"It is the duty for the Jainas to propagate the doctrine of Ahinsa throughout the world."**

  - **Sardar Vallabhabhai Patel**.

  **'જૈનોની એ ફરજ છે કે તેમણે સમસ્ત વિશ્વમાં અહિંસા ધર્મ ફેલાવવો જોઈએ.' - સરદાર વલ્લભભાઈ પટેલ**

* "The **Jaina** Sadhu leads a life which is praised by all. He

practises the Vratas and the rites strictly and shows to the world the way one has to go in order to realise the soul. The Athma. Even the life of the **Jaina** house holder is so faultless that India should be proud of him."

- Dr. Satischandra Vidyabhushan.

'**જૈન** સાધુઓના જીવનની બધા જ પ્રસંશા કરે છે. **જૈન** સાધુ પોતાના વ્રત અને નિયમોનું કડક પાલન કરીને જગતને આત્માની પ્રતીતિ કરવાનો રસ્તો બતાવે છે. અરે ! **જૈન** ગૃહસ્થનું જીવન પણ એટલું નિર્દોષ હોય છે કે ભારતે તેના માટે ગર્વ લેવો જોઈએ.'

**- ડો. સતીશચંદ્ર વિદ્યાભૂષણ**

✳ **જૈન ધર્મ એ એક એવો અદ્વિતીય વિશ્વધર્મ છે,** કે જે પ્રાણીમાત્રની રક્ષા કરવા માટે સક્રિય પ્રેરણા આપે છે. **મેં બીજા કોઈ ધર્મમાં આવો દયાભાવ જોયો નથી.** **- વિદુષી ઓર્ડી કાર્જેરી, અમેરિકા**

✳ નવા ધાર્મિક આંદોલનો ચલાવવાની જરૂર નથી, કારણ કે **જૈન ધર્મમાં દુઃખી દુનિયાના હિત માટે બધું જ ઉપલબ્ધ છે.** એનો ઐતિહાસિક આધાર પણ સારભૂત છે. જૈન ધર્મે જ પહેલા અહિંસાનો પ્રચાર કર્યો. બીજા ધર્મોએ એને ત્યાંથી જ લીધો. **- પ્રો. લુઈ રેનાઉ (Ph.D.), પેરિસ**

✳ આજની દુનિયાને સતાવનારી સૌથી મોટી સમસ્યા હિંસા અને આતંકવાદ છે. આ સમસ્યાઓને દૂર કરવા માટે **જૈન ધર્મ**ના સિદ્ધાન્તોની વિશ્વને જરૂર છે. **જૈન ધર્મ** મને ખૂબ જ પ્રિય છે, કારણ કે તે દઢતાથી પર્યાવરણ કેન્દ્ર વિકાસ, સહિષ્ણુતા અને અહિંસામાં વિશ્વાસ કરે છે. - **સોનિયા ગાંધી**

✳ **જૈન** ધાર્મિક ગ્રંથોના નિર્માણ કર્તા વિદ્વાન આચાર્ય, મુનિ વગેરે અત્યંત વ્યવસ્થિત વિચારક રહ્યા છે. તેઓ આ વાત જાણે છે, કે આ વિશ્વમાં કેટલા પ્રકારના વિભિન્ન પદાર્થો રહેલા છે. એમણે એમની ગણતરી કરીને એના નકશા પણ બનાવ્યા છે. એમાં તેઓ દરેક વાતને યથાસ્થાન બતાવી શકે છે. **- પ્રો. બૂલર**



✳ **મહાવીરસ્વામી** પોતાને એ જ સિદ્ધાન્તોના પ્રવર્તક કહેતાં હતાં, જે પૂર્વવર્તી ત્રેવીશ તીર્થંકરોની પરંપરા દ્વારા કહેવાયા હતાં, ઈ.સ. પૂર્વની પહેલી સદીમાં **પ્રથમ તીર્થંકર ઋષભદેવ**ની ઉપાસના કરવાવાળા હાજર હતાં, જેનાં પૂરતા પ્રમાણો છે. **સ્વયં યજુર્વેદમાં તીર્થંકરોના પ્રમાણો ઉપલબ્ધ છે. ભાગવત પુરાણ પણ આ વાતની પુષ્ટિ કરે છે.** જૈનોનો ધર્મમાર્ગ પહેલાના અગણિત યુગોથી ચાલ્યો આવે છે. **- સર્વપલ્લી ડો. રાધાકૃષ્ણન,**

ઉપરાષ્ટ્રપતિ, (ઈન્ડિયન ફિલોસોફી)

✳ Modern philosophers are taken a back to note the way in which the **Jain** philosophers have dealt with matter to its minutest form. According to them **Lord Mahavir** was the founder of modern science. **- Pt. Madhav Acharya**

**જૈન** ફિલોસોફરોએ જે રીતે પદાર્થના સૂક્ષ્મ તત્ત્વોનો વિચાર કર્યો છે, એને જોઈને આજ-કાલના ફિલોસોફરો ખૂબ આશ્ચર્યમાં પડી જાય છે. તેઓ કહે છે કે મહાવીર સ્વામીજી આજ-કાલના સાયન્સના સૌ પ્રથમ જન્મદાતા છે.

**- પં. માધવાચાર્ય**

✳ **જૈનો**એ મહાન કૃતિઓ લખી છે, જે લખવાનો ઉદ્દેશ્ય વિશ્વનું કલ્યાણ કરવાનો જ હતો. - ડો. હર્ટલ, જર્મની

✳ શાસ્ત્રો અને વ્યાખ્યાઓથી આપણને જાણવા મળે છે, કે **જૈન ધર્મનું અસ્તિત્વ અનાદિ કાળથી છે.** આમાં કોઈ દલીલ કે વિવાદનો અવકાશ નથી, આ બાબતના ઘણા ઐતિહાસિક પુરાવાઓ પણ છે.

**- લોકમાન્ય બાળ ગંગાધર તિલક**

✳ In conclusion let me assert my conviction that **Jainism** is an original system quite distinct & independent from all others & that therefore it is of great importance for the study of philosophical thought & religious life in ancient India.

- **Dr. Hermann Jacobi**, Sacred books of the east.
edited by F max mueller Vol. XXII 1884

મને એવો સાર મળ્યો છે કે **જૈનીઝમ** એ એક મૌલિક અને બીજા બધાં ધર્મો કરતાં સ્વતંત્ર ધર્મ છે. ભારતીય તત્ત્વજ્ઞાન અને ભારતીય ધાર્મિક જીવનના અભ્યાસ માટે **જૈનીઝમ**ના અભ્યાસનું ખૂબ જ મહત્ત્વ છે.

– **ડો. હર્મન જેકોબી**, સેક્રેડ બુક્સ ઓફ ધ ઈસ્ટ

✳ What would be the condition of the Indian sanskrit liturature, if the contribution of the **Jains** were removed ? The more I study Jain liturature the more happy & wonder struck I am. - **Dr. Hertel, Germny**

જો **જૈનો**નું યોગદાન હટાવી લેવામાં આવે, તો ભારતીય સંસ્કૃત સાહિત્યની કઈ સ્થિતિ થશે ? **હું જેમ જેમ જૈન સાહિત્યનો વધુ અભ્યાસ કરું છું, તેમ તેમ હું વધુ આનંદ અને વિસ્મયથી અભિભૂત થાઉં છું.**

– **ડો. હર્ટલ, જર્મની**

✳ **Jainism began when this world began**, I am of the opinion that Jainism is much older than vedas.

- **Swami Rammishraji Shastri**

**જૈનીઝમની શરૂઆત ત્યારે થઈ, જ્યારે આ દુનિયાની શરૂઆત થઈ.** મારો એવો અભિપ્રાય છે, કે જૈનીઝમ એ વેદો કરતાં પણ ઘણું પ્રાચીન છે.

– **સ્વામી રામમિશ્રાજી શાસ્ત્રી**

✳ It is imposible to know the begining of **Jainism**.

- **Major General Forlong**

**જૈન ધર્મ**ની શરૂઆત ક્યારે થઈ, એ જાણવું અશક્ય છે.

– **મેજર જનરલ ફોરલોંગ**

✳ The first poet of the kannada language was a **Jaina**. The credit for writing the ancient & the best literary works goes to the Jainas. - **Dr. R. R. Narasimhacharya**

કન્નડ ભાષાનું સૌ પ્રથમ કાવ્ય **'જૈન'** હતું. શ્રેષ્ઠ સાહિત્યિક કૃતિઓ લખવાનો યશ **જૈનોને** જાય છે. – **ડો. આર. આર. નરસિંહાચાર્ય**



✳ **જૈન** મત ત્યારથી પ્રચલિત થયો છે, જ્યારથી સંસારમાં સૃષ્ટિનો પ્રારંભ થયો. – **સ્વામી રામમિશ્ર શાસ્ત્રી**

✳ હું શાકાહારી છું. હું ધૂમ્રપાન પણ નથી કરતો અને દારૂ પણ નથી પીતો. મને જૈન ધર્મના અહિંસા અને શાકાહારના સિદ્ધાન્ત ખૂબ જ પ્રિય છે.

– **અમિતાભ બચ્ચન**

✳ I would request all of you to study understand & follow **Mahavira's** teaching, If we do that we would be celebrating his birthday anniversary in a true & befitting manner.

- **Mahatma Gandhi**

તમને બધાને મારી વિનંતી છે કે તમે બધાં **ભગવાન મહાવીર**ના ઉપદેશોનો અભ્યાસ કરો. એમને સમજો અને એમનું અનુસરણ કરો. જો આપણે તેવું કરશું, તો તેમના જન્મદિવસની ઉજવણી સાચી અને યોગ્ય રીતે થઈ ગણાશે.

– **મહાત્મા ગાંધીજી**

✳ વિશ્વમાં શાંતિ સ્થાપવાના પોતાના પ્રયત્નોના પરિણામસ્વરૂપ ભારતની આ સમયે જે સ્થિતિ છે, તે અદ્વિતીય છે. **ભારતના નેતાઓએ સ્વતંત્રતાની લડાઈમાં અને સ્વતંત્રતાની પ્રાપ્તિ પછી ભગવાન મહાવીરના સત્ય અને અહિંસા પ્રેમના સંદેશનું અનુસરણ કર્યું,** જે કોઈ જાતિ કે સમુદાય વિશેષ માટે જ નહીં, પણ આખા વિશ્વ માટે હતું. મહાવીરે સદીઓ પહેલા અહિંસાનો પાઠ ભણાવ્યો અને મહાત્મા ગાંધીએ આવો જ સંદેશ આપ્યો. હવે આવશ્યકતા આ સિદ્ધાન્તોનો અમલ કરવાની છે.

– **બક્શી ગુલામ મુહમ્મદ**, મુખ્યમંત્રી, કાશ્મીર

✳ મને એ વિષે જરા પણ શંકા નથી, કે વેદાંત દર્શનની પહેલા પણ **જૈન દર્શન** પ્રચારમાં હતું. સૃષ્ટિના પ્રારંભથી જ **જૈન દર્શન** પ્રચારમાં છે. જૈન ધર્મ અને સૃષ્ટિ એ બંનેની શરૂઆત એક સાથે જ થઈ છે.

– **ડો. સતીશચન્દ્ર વિદ્યાભૂષણ** (M.A.Ph.D.)
સંસ્કૃત કોલેજ, કલકત્તા

✳ **જૈન ધર્મ**નો અભ્યાસ મેં જેટલો કર્યો છે, એના પરથી હું દઢતા સાથે કહી શકું છું, કે જો વિરોધી વ્યક્તિ **જૈન** સાહિત્યનો અભ્યાસ અને મનન સૂક્ષ્મ રીતે કરી લે, તો એમનો વિરોધ જ ખતમ થઈ જશે અને તેઓ વિરોધ કરવાનું છોડી દેશે. - **ડો. ગંગાનાથ ઝા** (M.A.D.) લીટ્

✳ જૈન ધર્મમાં ત્યાગને જેટલું મહત્ત્વ આપવામાં આવે છે, એટલું મહત્ત્વ બીજા કોઈ ધર્મમાં નથી. **શાંતિ, સહિષ્ણુતા, અહિંસા અને જીવદયાની ભાવનાથી જૈન ધર્મે ભારતીય સંસ્કૃતિને સૌથી ઉપર લાવી દીધી છે.**

- **શ્રી રવિશંકર મહારાજ**

✳ **જૈન ધર્મ** કોઈ નિશ્ચિત જાતિ અથવા સંપ્રદાયનો ધર્મ નથી, પણ એ તો જીવ માત્રનો ધર્મ છે. **એ આંતરરાષ્ટ્રીય અને સમગ્ર વિશ્વનો ધર્મ છે.**

- **ડો. કાલિદાસ નાગ**

✳ હું મારા દેશવાસીઓને દેખાડીશ કે કેવા ઉત્તમ નિયમ અને ઉચ્ચ વિચાર **જૈન ધર્મ** અને **જૈનાચાર્યોમાં** છે. જેમ જેમ હું જૈન ધર્મ અને એના સાહિત્યને વાંચું-સમજું છું, તેમ તેમ હું એને વધુ પસંદ કરું છું.

- **ડો.જોન્સ હર્ટલ, પેરિસ**

✳ મેં જૈન ધર્મનો અભ્યાસ કર્યો છે. અહિંસા અને અનેકાંતવાદ જૈન ધર્મ દ્વારા વિશ્વને અપાયેલી અમૂલ્ય ભેટ છે.

- **A.P.J. ડો. અબ્દુલ કલામ**, રાષ્ટ્રપતિ, ભારત.

✳ The world today is in search of a new way of life based upon non-violence, love & equality - it is tired of violence. The suffering humains must, therefore learn the message of Ahimsa & brotherhood preached by Mahavir.

- **Dr. Syed Hussain**

આજની દુનિયા એક નવા જીવનપથની શોધમાં છે. જે અહિંસા, પ્રેમ અને સમતા આધારિત હોય. આજની દુનિયા હિંસાથી થાકી ગઈ છે. હિંસાપીડિતો



એનાથી વિશેષરૂપે થાકી ગયા છે. માટે ભગવાન મહાવીરે કહેલ અહિંસા અને ભાઈચારાના સંદેશનો અભ્યાસ કરો. - **ડો. સૈયદ હુસેન**

## ✳ વૈદિક સાહિત્યમાં ઉપલબ્ધ થતાં જૈન ઉલ્લેખો ✳

✳ **अर्हन्ता चित्पुरो दर्धे अशेवदेवावर्वंते** ॥ ४-४-३२-५ ॥

**અરિહંત*** જ્ઞાનની રાશિને ધારણ કરે છે. - **ઋગ્વેદ**

✳ **अर्हतो ये सुदानको नरोऽसामिशवसः** ॥ ४-३-८ ॥

જે **અરિહંત** સુંદર દાનવાળું કર્મ કરવામાં અગ્રેસર અને અત્યંત પરાક્રમી છે. - **ઋગ્વેદ**

✳ **कैलासे पर्वते रम्ये, वृषभोऽयं जिनेश्वरः ।**
**चकार स्वावतारं यः, सर्वज्ञः सर्वगः शिवः ॥**

સર્વવ્યાપી, કલ્યાણસ્વરૂપ, સર્વજ્ઞ એવા **ઋષભદેવ જિનેશ્વરે** મનોહર કૈલાસ (અષ્ટાપદ પર્વત) પર અવતરણ કર્યું. - **શિવપુરાણ**

✳ **नाभिस्त्वजनयत् पुत्रं, मरुदेव्या मनोहरम् ।**
**ऋषभं क्षत्रियं श्रेष्टं, सर्वक्षत्रस्य पूर्वजम्** ॥ १/२/१४-५९ ॥

નાભિ રાજાએ મરુદેવી રાણી દ્વારા '**ઋષભ**' નામના પુત્રને જન્મ આપ્યો. તે મનોહર હતા, શ્રેષ્ઠ ક્ષત્રિય હતાં અને સર્વક્ષત્રિયોના પૂર્વજ હતાં.

- **બ્રહ્માંડ પુરાણ**

✳ **इह हि इक्ष्वाकुकुलवंशोद्भवेन नाभिसुतेन मरुदेवानन्दनमहादेवेन ऋषभेण दशप्रकारो धर्मः स्वयमेवाऽऽचीर्णः केवलज्ञानलाभाच्च प्रवर्तितः ।**

અહીં ઈક્ષ્વાકુ કુળ-વંશમાં જન્મ પામેલ નાભિ રાજા અને મરુદેવીના પુત્ર મહાદેવ **ઋષભે** દશ પ્રકારનો (શ્રમણ) ધર્મ પોતે આચર્યો અને કેવળજ્ઞાન પામીને એનું પ્રવર્તન કર્યું. - **બ્રહ્માંડ પુરાણ**

* જૈન તીર્થંકર ભગવાનને અરિહંત કહેવાય છે.

* **अर्हन् इदं दयसे विश्वम्**

હે **અરિહંત** ! તમે આ વિશ્વ પર કરુણા દર્શાવો છો. - **ઋગ્વેદ**

* **रैवताद्रौ जिनो नेमि-र्युगादिर्विमलाचले ।**
**ऋषीणामाश्रमादेव, मुक्तिमार्गस्य कारणम् ॥**

**ગિરનાર** પર્વત પર **નેમિનાથ**[1] જિનેશ્વર અને **શત્રુંજય** પર્વત પર **આદિનાથ**[2] જિનેશ્વર ઋષિઓના આશ્રમને કારણે જ મુક્તિમાર્ગના કારણ છે. અથવા તો એ બંને પર્વતો[3] પર એ બંને જિનેશ્વરો પધાર્યા. ઋષિઓનો આશ્રમ હોવાને કારણે જ એ પર્વતો મોક્ષમાર્ગનું કારણ છે.

- **પ્રભાસપુરાણ**

* **स्पृष्ट्वा शत्रुञ्जयं तीर्थं, नत्वा रैवतकाचलम् ।**
**स्नात्वा गजपदे कुण्डे, पुनर्जन्म न विद्यते ॥**

**શત્રુંજય તીર્થ**ની સ્પર્શના કરીને, **ગિરનાર તીર્થ**ને પ્રણામ કરીને અને **ગજપદ** કુંડમાં સ્નાન કરીને પછી ફરી જન્મ લેવો પડતો નથી.

- **સ્કન્દ પુરાણ.**

* **परमात्मानमात्मानं, लसत्केवलनिर्मलम् ।**
**निरञ्जनं निराकारं, ऋषभं तु महाऋषिम् ॥**

ઉલ્લસિત કેવળજ્ઞાનથી શુદ્ધ, નિરંજન, નિરાકાર, પરમાત્મસ્વરૂપ, મહાઋષિ એવા **ઋષભદેવ**ને નમસ્કાર હો. - **સ્કન્દપુરાણ.**

* **मरुदेवश्च नाभिश्च, भरते कुलसत्तमाः ।**
**अष्टमो मरुदेव्यां तु, नाभिजात उरुक्रमः ॥**
**दर्शयन् वर्त्म वीराणां, सुरासुरनमस्कृतः ।**
**नीतित्रयाणां कर्ता यो, युगादौ प्रथमो जिनः ॥**

ભરત ક્ષેત્રમાં છટ્ઠા અને સાતમા કુલકર મરુદેવ અને નાભિ થયા, આઠમા

૧. બાવીસમા તીર્થંકર ૨. પ્રથમ તીર્થંકર ૩. આ બંને પર્વતો જૈનોના મહાતીર્થ છે.



કુલકર નાભિ દ્વારા મરુદેવીથી ઉત્પન્ન **ઋષભદેવ** થયાં. તેમના ચરણ વિશાળ હતાં. તેમણે વીરોને માર્ગ દેખાડ્યો. દેવો અને દાનવોએ તેમને નમસ્કાર કર્યા. તેમણે ત્રણ નીતિઓને પ્રચલિત કરી. યુગના આરંભમાં તેઓ **પ્રથમ જિન** હતાં.[1] - **મનુસ્મૃતિ**

* **ऋषभो मरुदेव्याश्च, ऋषभाद् भरतोऽभवत् ।**
**भरताद् भारतं वर्षः, भरतात् सुमतिस्त्वभूत् ॥**

મરુદેવીથી **ઋષભ** થયા, **ઋષભથી ભરત** થયાં. ભરતના નામથી આ દેશનું નામ **ભારત** પડ્યું અને આ જ ભરતથી સુમતિ થયા. - **અગ્નિપુરાણ**

* **नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।**
**शान्तमाख्यातुमिच्छामि, स्वात्मन्येव जिनो यथा ॥**

હું રામ નથી, મને કોઈ ઈચ્છા નથી. પદાર્થોમાં મારું મન નથી. જેમ **'જિન'** પોતાના આત્મામાં સ્થિર રહે છે, તેમ હું શાંત ભાવથી રહેવા માંગું છું.

- **યોગવાશિષ્ઠ**

* **अष्टषष्टिसु तीर्थेषु, यात्रया यत् फलं भवेत् ।**
**आदिनाथस्य देवस्य, स्मरणेनापि तद् भवेत् ॥**

અડસઠ તીર્થોમાં યાત્રા કરવાથી જે ફળ મળે, તે ફળ **આદિનાથ-ઋષભદેવ**ના સ્મરણથી પણ મળે છે. - **નાગપુરાણ**

* **अकारादि-हकारान्तं, मुर्धाधोरेफसंयुतम् ।**
**नादबिन्दुकलाक्रान्तं, चन्द्रमण्डलसन्निभम् ॥**
**एतद् देवि ! परं तत्त्वं, यो विजानाति तत्त्वतः ।**
**संसारबन्धनं छित्त्वा, स गच्छेत् परमां गतिम् ॥**

હે દેવી ! જેની શરૂઆતમાં **'અ'** છે અને અંતમાં **'હ'** છે જેમાં ઉપર **'ર'** છે. જે નાદ બિન્દુ કલાથી યુક્ત છે અને ચન્દ્રમંડળ જેવું છે. તે

૧. આ સમગ્ર હકીકતને જૈન ઈતિહાસના ગ્રંથોમાં વિસ્તારથી બતાવેલ છે.

= **અર્હં** પરમ તત્ત્વ છે. એને જે તાત્ત્વિક રીતે જાણે, તે સંસારના બંધનને તોડીને પરમ ગતિને પ્રાપ્ત કરે છે. - **નાગપુરાણ.**

- **ऋषभाद् भरतो जज्ञे वीरः पुत्रशताग्रजः ॥ १/२/१४-६० ॥**

  **ઋષભદેવ**ના પુત્ર **ભરત** થયાં. તે વીર હતા અને સો પુત્રોમાં સૌથી મોટા હતાં. - **બ્રહ્માંડપુરાણ.**

- **ऋषभस्य चरित्रं हि, परमं पावनं महत् ।**
  **स्वर्ग्यं यशस्यमायुष्यं, श्रोतव्यं च प्रयत्नतः ॥**

  **ઋષભદેવ**નું ચરિત્ર પરમ પાવન અને મહાન છે. સ્વર્ગદાયક, યશદાયક અને આયુષ્યદાયક છે. માટે તે પ્રયત્નપૂર્વક સાંભળવું જોઈએ.
  - **શિવપુરાણ,** શતરુદ્રસંહિતા

- **हिमाद्रिं यस्य वै वर्षं, नाभेरासीन् महात्मनः ।**
  **तस्यर्षभोऽभवत्पुत्रो, मरुदेव्यां महाद्युतिः ॥ २/१-२३ ॥**

  મહાપુરુષ નાભિના સામ્રાજ્યમાં હિમાલય સુધીનો દેશ હતો. મરુદેવી રાણી દ્વારા તેમનો **ઋષભ** નામનો મહાતેજસ્વી પુત્ર થયો. - **વિષ્ણુપુરાણ.**

- **नाभेः पुत्रश्च ऋषभ, ऋषभाद् भरतोऽभवत् ।**
  **तस्य नाम्ना त्विदं वर्षं, भारतं चेति कथ्यते ॥ १/२/३७-५७ ॥**

  નાભિના પુત્ર **ઋષભદેવ** હતાં, **ઋષભદેવના** પુત્ર **ભરત** થયાં. તેમના નામથી આ દેશ '**ભારત**' કહેવાય છે. - **સ્કંદપુરાણ.**

* * * * *

*the path of the permenant pleasure*

# Jainism

*a relationship between each living being*



## Don't Miss It






